# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : કલ્પના શાહ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૦૬–૧૦–૨૦૨૩** **સમય : સવારે ૬.૫૦**

---

**મુખ્યમંત્રી : એમઓયુ :**

ગાંધીનગરમાં કડી ખાતે ટેક્ષટાઇલ, ઉર્જા, સંરક્ષણ અને અવકાશ ક્ષેત્ર માટે ૧ હજાર ૧૦૦ કરોડથી વધુના રોકાણ હેતુથી ચાર સમજૂતી કરાર થયા છે. આ ઉદ્યોગોમાં અંદાજે ૧ હજાર ૧૯૦ જેટલી રોજગારીની તકોનું નિર્માણ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગઇકાલે ગાંધીનગર ખાતે આ સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરાયા છે.

**પ્રાદેશીક સમાચાર**

---

**મુખ્યમંત્રી : ઉદ્યોગ અને વ્યસાય ક્ષેત્રે પયાવરણ જાળવણી :**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગ અને વ્યવસાય ક્ષેત્રે પર્યાવરણ જાળવણી માટે જરૃરી માળખાકીય સુવિધા ઉભી કરવા અનુરોધ કર્યો છે. અમદાવાદમાં FICCIની રાષ્ટ્રીય કારોબારી સમિતિની બેઠકનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

તેમણે આગામી જાન્યુઆરી 2024માં યોજાનારી વાયબ્રન્ટ સમિટની થીમ "ગેટ વે ટુ ધ ફ્યુચર" રાખવામાં આવી છે તેમ જણાવીને પરિષદનો હેતુ સમજાવ્યો હતો.

**પ્રાદેશીક સમાચાર**

---

**આરોગ્યમંત્રી બેઠક :**

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગર ખાતે રાજ્યની સિવિલ હોસ્પિટલ અને 33 જિલ્લાના આરોગ્ય વડાઓ સાથે આરોગ્યને લગતા 21 મુદ્દાઓને આવરી લેતી સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યની 2 હજાર 300 જેટલી આરોગ્ય સંસ્થાઓમાં આવતા દર્દીઓને કોઈ પણ પ્રકારની હાલાકી ભોગવવી ના પડે તેમજ દર્દીઓ પ્રત્યે માનવીય અભિગમ દાખવવા તાકીદ કરી હતી. રાજ્યની 1 હજાર 776 જેટલી એમ્બ્યુલન્સને GPS સાથે જોડીને તાકીદની પરિસ્થિતીમાં અપાતી આરોગ્ય સેવાને વધુ સુદ્રઢ અને અસરકારક બનાવવામાં આવશે.

આ બેઠકમાં સ્થાનિક સ્તરે માનવસંસાધન, માળખાકીય સુવિધાઓ, મેડિકલ ઉપકરણો સહિતની ઉપલબ્ધતા અને પડકારો અંગે વિગતે ચર્ચા કરવામાં આવી.

**પ્રાદેશીક સમાચાર**

---

## બાજરીની ટેકાના ભાવે ખરીદી :

પુરવઠા નિગમ દ્વારા કચ્છના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે બાજરીની ખરીદી કરાશે અને આ માટે રજિસ્ટ્રેશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ નિમિત્તે રાજ્યના અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ દ્વારા ડાંગર, મકાઇ, બાજરી, જુગાર, રાગી જેવા ધાન્ય પાકોની રાજ્યના ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરાશે, જેના માટે તા.1-10 થી તા.31-10 સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ખેડૂતોએ **જરૂરી આધાર પુરાવા સાથે** ગ્રામ્ય કક્ષાએ ઇ-ધરા કેન્દ્રો ખાતે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**દીવ્ય ભાસ્કર**

---

## નારાયણ સરોવર : જંગલ સફારી :

કચ્છના પશ્ચિમ છેડે આવેલું નારાયણસરોવર-કોટેશ્વર હવે માત્ર તીર્થધામ નહિ રહે, પણ ભવિષ્યમાં અહીં આવતા પ્રવાસીઓ ગીરના જંગલની જેમ જંગલ સફારી માણી શકશે. રાજ્યસ્તરે આ મુદ્દે પ્રોજેક્ટ હાથમાં લઇ કામગીરી આરંભી દેવામાં આવી છે. કચ્છ જિલ્લામાં કુલ ચાર અભયારણ્ય અને એકમાત્ર છારીઢંઢ સંરક્ષિત ક્ષેત્ર આવેલા છે. તેમાં કચ્છમાં આ પ્રકારની પહેલી સફારીની શરૂઆત થશે.

આ વિસ્તારમાં અનોખી ઇકો-સિસ્ટમ છે. અહીંના મોસમી જળપ્લાવિત વિસ્તારો અને શુષ્કતા 15 ભયગ્રસ્ત વન્યપ્રાણી પ્રજાતિઓ માટે મુખ્ય સંવર્ધકની ભૂમિકા ભજવે છે. **અત્રે જણાવીએ કે** નારાયણ સરોવર વન્યજીવ અભયારણ્ય એપ્રિલ 1981માં સૂચિત કરવામાં આવ્યું હતું. નારાયણ સરોવર અભ્યારણ્યમાં 184પ્રકારના પક્ષીઓની પ્રજાતિ જોવા મળે છે, જેમાં 19 શિકારી પક્ષીઓની પ્રજાતિ છે.

444.23 ચો કિમી વિસ્તારમાં ફેલાયેલા નારાયણસરોવર અભયારણમાં અનેકવિધ વન્યજીવની પ્રજાતિઓ જોવા મળે છે. ખાસ કરીને અહીં ચિંકારાની સમૃદ્ધ વસ્તી છે. આ સાથે જ વરુ, હેણોત્રો, લોમડી, ઝરખ, જંગલી બિલાડી, શાહુડી, ઘોરખોદિયું, કીડીખાઉ, અને સસલાની હાજરી નોંધાયેલી છે. વિવિધ 252 પ્રજાતિઓના પ્લાન્ટ્સ જોવા મળે છે. જેમાં દેશી બાવળ, હર્મો, બેર, પીલુ, થોર, ગાંડો બાવળ, ગુગળ, સલાઇ,કેરળ સહિતનો સમાવેશ થાય છે.

**દીવ્ય ભાસ્કર**

———————————————————————————————

## **ક્રીકેટ :**

વિશ્વ કપ ક્રિકેટ જંગ ની પ્રથમ મેચ માં ન્યુઝીલેન્ડ ની ટીમે ઇંગ્લેન્ડ ની ટીમ ને 9 વિકેટે હરાવી વિજયી પ્રારંભ કર્યો છે અમદાવાદ નાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની પ્રથમ મેચ માં ઇંગ્લેન્ડ ની ટીમે 9 વિકેટે 282 રન કર્યા હતા જવાબ માં ન્યુઝીલેન્ડ ની ટીમે એક વિકેટ ગુમાવી 283 રન કરી મેચ જીતી લીધી હતી

**અત્રે યાદ અપાવીએ કે,** 2019 ના વિશ્વ કપ જંગ માં વિજેતા ઇંગ્લેન્ડ ને ન્યુઝીલેન્ડ ટીમે હરાવી અપ સેટ સર્જ્યો હતો

**પટણીભાઈ**

———————————————————————————————

———————————————————————————————